**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા**
**ક્રીમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩ તા.૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**દાખલ તારીખ :– ૦૯–૦૨–૨૦૨૪**
**નોંધ્યા તારીખ :– ૦૯–૦૨–૨૦૨૪**
**ફેંસલ તારીખ :– ૦૯–૦૪–૨૦૨૬**
**સમયગાળો :– વર્ષ –માસ –દિવસ**
**આંક :–**

District & Sessions Court Ahmedabad Rural

**//ફોર્મ–એ //**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦**
**અમદાવાદ(ગ્રામ્ય)ના વિશેષ ન્યાયાધીશ( SEBI ACT ) તથા ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ.અમદાવાદ.**
**(કે. એમ. સોજીત્રા, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,અમદાવાદ(ગ્રામ્ય)**
**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦**
**ચૂકાદાની તારીખ :– ૦૯–૦૪–૨૦૨૬**
**સેશન્સ કેસ નં.૭૨–૨૦૨૪**

| **એફ.આઈ.આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | નારણપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નં.૧૧/૨૦૧૫ |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી, ડી |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ–૨૩(૧)(એફ) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી, ડી |

| | |
|---|---|
| **ફરીયાદી** | ગુજરાત રાજય |
| **વિ.પી.પી.શ્રી** | શ્રી પી. એમ. ત્રિવેદી |
| **આરોપીઓ** | (૧) ગુણવંતભાઇ કેશવલાલ પટેલ<br>રહે.પ, તનીષ્ક બંગલોઝ વિભાગ–ર, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ<br><br>(ર) કમલેશભાઇ વાસુભાઇ પટેલ<br>રહે.૧૪,ન્યુ શિવમનંદ બંગલોઝ, અમુલ ગાર્ડનની બાજુમાં, જનતાનગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ<br><br>(૩) સહદેવસીંહ જશુજી વાઘેલા<br>રહે. ઓગણજ ગામ, દરબારગઢ, તા.દસક્રોઇ, જી.અમદાવાદ |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રી** | આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ. એચ. પટેલ |

## // ફોર્મ–બી //

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ :–** | તા. ૧૫/૦૧/૨૦૧૫ |
| **ફરીયાદની તારીખ :–** | તા. ૧૫/૦૧/૨૦૧૫ |
| **ચાર્જશીટની તારીખ :–** | તા. ૦૯/૦૨/૨૦૨૪ |
| **તહોમતનામુ ફરમાવ્યાની તારીખ :–** | તા. ૧૯/૦૨/૨૦૨૫ |
| **પુરાવો શરુ કર્યા ની તારીખ :–** | તા. ૨૪/૦૭/૨૦૨૫ |
| **ચૂકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ :–** | તા. ૨૫/૦૩/૨૦૨૬ |
| **ચૂકાદાની તારીખ :–** | તા. ૦૯/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | – |

## //આરોપીઓની વિગત //

| આરોપી નંબર | આરોપીઓના નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રી.પો.કોડની કલમ–૪ર૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છો. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ગુણવંતભાઇ કેશવલાલ પટેલ | તા. ૧૫/૦૧/૨૦૧૫ | તા. ૨૦/૦૧/૨૦૧૫ | ઇ.પી.કો. કલમ – ૪૦૬, | આરોપીઓને ઇ.પી.કો. કલમ – | – | – |



District & Sessions Court Ahmedabad(Rural) सत्यमेव जयते

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | કમલેશભાઇ વાસુભાઇ પટેલ | તા. ૧૫/૦૧/૨૦૧૫ | તા. ૨૦/૦૧/૨૦૧૫ | ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ– ૧૯૫૬ ની કલમ– ૨૩(૧) (એફ) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ– ૨૦૦૫ ની કલમ– ૬૫, ૬૬, ૬૬– એ,બી, સી, ડી મુજબ | ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ– ૨૩(૧)(એફ) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ– ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી,ડી મુજબના ગુના માં નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. | – | – |
| ૦૩ | સહદેવસીંહ જશુજી વાઘેલા | તા. ૧૫/૦૧/૨૦૧૫ | તા. ૨૦/૦૧/૨૦૧૫ | | | | |

District & Sessions Court Ahmedabad Rural

## // ફોર્મ–સી //

## ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદ પક્ષ તરફે

### ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | કિરણકુમાર ઇશ્વરલાલ મોદી | ફરીયાદી | ૪૯ |
| ૨. | પિન્ટુભાઇ પરસોત્તમભાઇ ગોહીલ | સાહેદ | ૫૬ |
| ૩. | રાજેન્દ્રસીંહ જીવતસીંહ વંશ | સાહેદ | ૫૮ |
| ૪. | ગોવીંદભાઇ ટીડાભાઇ ગોહીલ | સાહેદ | ૫૯ |
| ૫. | બિન્દેશભાઇ રમણભાઇ પટેલ | સાહેદ | ૬૧ |
| ૬. | મહેશભાઇ જયંતીભાઇ પટેલ | સાહેદ | ૬૨ |
| ૭. | મીહીરભાઇ કાંતીભાઇ પટેલ | સાહેદ | ૬૫ |
| ૮. | દીલીપભાઇ નાનુભાઇ પટેલ | સાહેદ | ૬૬ |
| ૯. | વિક્રમસીંહ જીતુભાઇ ચાવડા | સાહેદ | ૬૯ |
| ૧૦. | વિપીનભાઇ રઇજીભાઇ ભીલ | સાહેદ | ૭૧ |
| ૧૧. | દીલીપકુમાર રામસીંહ ગઢવી | તપાસ કરનાર અધિકારી | ૭૬ |

**(બી) બચાવ પક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**//ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૫૦ |
| ૨. | બનાવ વાળી જગ્યાનું પંચનામુ | ૫૧ |
| ૩. | નોટબુકના પાનાની નં.૧ થી ૩૧ સ્લીપો | ૫૨ |
| ૪. | નોટબુકના પાનાની નં.૩૨ થી ૪૬ સ્લીપો | ૫૩ |
| ૫. | નોટબુકના પાના ઉપર આરોપી કમલેશભાઇ પાસે લખાણ કરાવેલ તે | ૫૪ |
| ૬. | આરોપી ગુણવંતભાઇના ઘરનું જડતી પંચનામુ | ૭૨ |
| ૭. | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૭૩ |
| ૮. | એફ.એસ.એલ. પહોંચ | ૭૪ |
| ૯. | પી.આઇ.નારણપુરાએ પોલીસ કમીશ્નરશ્રીને કરેલ યાદી | ૭૫ |
| ૧૦. | એફ.એસ.એલ. રીપોર્ટ | ૮૧ |
| ૧૧. | કલોઝીંગ પુરશીશ | ૮૨ |

**//બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## // કોર્ટ તરફે અંકિ પાડેલા દસ્તાવેજો //

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## //મુદ્દામાલની વિગત//

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક સેમસંગ કંપનીનો કાળા રંગનો મોબાઇલ ફોન જેની પાછળ અંગ્રેજીમાં **with Google Tm** ગુગલ ટીએમ લખેલ છે જેનો મોડલ નં.સેમસંગ **GTI 5503** જેનો આઇએમઇઆઇ નં.૩૫૩૬૫૮૦૪૦૨૨ ૪૭૨૫ નો છે. |
| ૨ | ૨ | અંગજડતીમાંથી મળી આવેલ રૂ.૫૭૫૦/– |
| ૩ | ૩ | કમલેશભાઇ વાસુભાઇ પટેલે પોતે પોતાના સ્વહસ્તાક્ષરથી અનઓફીશીયલ શેર ટ્રાન્સફરની વિગતો લખેલ છે જેનો કોઇ પણ પ્રકારનો ટેક્ષ ભરવામાં આવેલ નથી તે મુજબના કાગળો પાન નં.૧ થી ૩૧ |
| ૪ | ૪ | કમલેશભાઇ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરે લખેલી કાળી તથા વાદળી બોલપેનથી લખેલ લખાણ જેના પર અંક નં.૩૨ થી ૪૬ ની છે તે સ્લીપો |
| ૫ | ૫ | અંગજડતીના નાણા રૂ.૮૪૦/– |
| ૬ | ૬ | એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેનો મોડલ નં. જીટીઆઇ ૮૫૫૨ તથા આઇએમઇઆઇ નં.૩૫૭૦૯૧૦૫૬ ૭૪૧૦૩ તથા બીજો આઇએમઇઆઇ નં.૩૫૭૦૯૨૦૫૬૭ ૪૪૧૦૧ જેના મોબાઇલ નં.૯૮૭૯૮૧૧૯૨૫ તથા ૯૯૭૪૬૬૮૧૦૫ ના છે તે |
| ૭ | ૭ | એક નોકીયા કંપનીનો મોબાઇલ ફોન જે મોડલ ૧૬૦૦ જેનો આઇએમઇઆઇ નં. ૩૫૮૬૨૯૦૧૬૫૪૯૭૧૩ જેનો મોબાઇલ નં.૯૯૨૪૯૨૫૪૫૨ |
| ૮ | ૮ | કમલેશભાઇ વાસુભાઇ પટેલ મારફતે હાર્ડ કોપી કઢાવી જે પાના નં.૧ થી ૪૯ આપી જે હાર્ડ કોપી કબજે લીધેલ છે તે |

| | | |
|---|---|---|
| ૯ | ૯ | એક કોમ્પ્યુટર સેટ(૧)સ્ક્રીન જેનો સીએન.૦સી૭સીપીવાય–૭૪૨૬૧–ઓએઈ–૨૭એએમ–ટી જેનો મોડલ નં.આઇએન ૨૦૨૦એમબી |
| ૧૦ | ૧૦ | કોમ્પ્યુટર સેટ(૨) એક ટીવીએસ કંપનીનું કાળા રંગનું કીબોર્ડ |
| ૧૧ | ૧૧ | કોમ્પ્યુટર સેટ(૩) એક લોન્ગીટેચ કંપનીનું માઉસ |
| ૧૨ | ૧૨ | કોમ્પ્યુટર સેટ(૪) એક કાળા રંગનું સીપીયુ જેની ઉપર **AMDSEMPRME(TM) PROOCESERLE - 100, 1, Q. GHZ960MB-RAM** નું લખાણ લખેલ છે. જે સીપીયુ ની અંદર હાર્ડડીસ્ક જોતા હાર્ડડીસ્ક **seagate** લખી નીચે **S/N-5024CFUR** તથા **ST380215AS** તથા **P/N-QCY111-310** નું લખાણ લખેલ છે |
| ૧૩ | ૧૩ | કોમ્પ્યુટર સેટ(૫) એક કાળા રંગનું મોડેમ જેના ઉપર અંગ્રેજીમાં **BEETEL** લખેલ છે.**110TC1ADSLZ+ROUTER** જેની પાછળના ભાગે એક કાળા રંગનું સ્ટીકર ઉપર **S/NTOO4 PLT33HAOQA1006967** તથા **MPC-00255E 40E66A** નું લખાણ લખેલ છે |
| ૧૪ | ૧૪ | એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેનો મોડલ નં. **SMG 7102** જેનો આઇએમઇઆઇ નં. જોતાં ૩૫૨૧૧૬૦૬ ૧૨૦૧૧૪૯ તથા ૩૫૨૧૧૭૦૬૧૨૦૧૧૪૭ નો છે જેનો મોબાઇલ નં. ૯૯૨૪૨૪૨૪૦૫ તથા ૯૮૯૮૯૦૯૦૬૩ નો છે |
| ૧૫ | ૧૫ | સહદેવસીંહની અંગજડતીમાંથી રુ.૩૨૩૦/– મળી આવેલ છે તે |
| ૧૬ | ૧૬ | ટેબલના ડ્રોઅરમાંથી તપાસ દરમ્યાન મળી આવેલ વિદેશી ચલણી નોટો–<br>(એ) **The united states of america fedaral Recerv note 100** ડોલર જેનો નં. **LF73232831E(F6)**<br>(બી) **The united states of america fedaral Recerv note** 100 ડોલર જેનો નં. **KB88462288J(B2)**<br>(સી) **The united states of america fedaral Recerv note 20** ડોલર જેનો નં. **GI87439512A(F9)**<br>(ડી) **UNITED ARAB EMIRATES CENTRAL BANK** |

| | | |
|---|---|---|
| | | 10 દીરહામ **CN0079775379**<br>(ઇ)**UNITED ARAB EMIRATES CENTRAL BANK** 10 દીરહામ **CN0059815472**<br>(એફ)**UNITED ARAB EMIRATES CENTRAL BANK** 10 દીરહામ **CN00059433787**<br>(જી) **UNITED ARAB EMIRATES CENTRAL BANK** 50 દીરહામ **CN0011258294**<br>(એચ)**UNITED ARAB EMIRATES CENTRAL BANK** 5 દીરહામ **CN0123190852**<br>(આઇ)**UNITED ARAB EMIRATES CENTRAL BANK** 5 દીરહામ **CN0586181451** |
| ૧૭ | ૧૭ | કમલેશ વાસુભાઇ પટેલના અક્ષરોની પરખ માટે લખાવેલ એક કાગળની સ્લીપ જે એક પાનાની છે અને તેમાં બંને પંચોની સહીઓ છે. |

District & Sessions Court Ahmedabad (Rural)

## // ચુકાદો //

**(૦૧)** સદર સેશન્સ કેસમાં આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ –૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીક્યુરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ–૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ–૬૫, ૬૬, ૬૬ – એ, બી, સી, ડી મુજબના ગુનાના તહોમતનો સામનો કરી રહેલ છે. આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૩૭ થી ઉપર મુજબના ગુના સંબંધેનું તહોમતનામું ફરમાવેલ છે.

## <u>// ફરીયાદ પક્ષનો કેસ //</u>

**(૦૨)** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે :–

(૨.૧) આ કામના આરોપી ગુણવંતભાઇ પટેલે પોતાની માલીકીની ઓફીસ નં.૩૮–૪૦ અંકુર કોમ્પલેક્ષ, અંકુર ચાર રસ્તા, નારણપુરા ખાતે સીકયોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના સબ બ્રોકર તરીકેનો રજી. નં. **INS - 231298410/23-07825** નો મુંબઇથી તા.૨૧ માર્ચ ૨૦૦૨ થી મેળવેલ અને પોતાના બ્રોકર ઇન્વેસ્ટમેન્ટ સીકયોરીટીઝ લી. જેનો સેબી રજી. નં. **INB - 230782537** છે અને જેની ઓફીસ ૩૭–૩૮, 'બી' બ્લોક, બીજો માળ, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઇન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ નાઓની સાથે ઓનલાઇન શેર લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય અને કાયદેસરના શેરોમાં (૧) સીકયોરીટી ટ્રાન્ઝેકશન ચાર્જ (૨) સર્વીસ ટેક્ષ (૩) સ્ટેમ્પ ચાર્જ (૪) ટર્ન ઓવર ચાર્જ વગેરે કાયદેસર રીતે ભરતા હોય, આ ધંધા ના ઓઠા હેઠળ પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઇન્ટરનેટ સાથે જોડી પોતાના નોકર આ કામના આરોપી નં.ર કમલેશ વાસુભાઇ પટેલના મેળાપીપણામાં રહી અનઅધિકૃત રીતે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની મદદથી શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ) કરી આરોપી નં.ર કમલેશ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરથી લખી સરકારશ્રીમાં ભરવા પાત્ર થતા ઉપરોકત ચાર પ્રકારના ટેક્ષો નહીં ભરી, અંગત નાણાંકીય લાભ મેળવી,આરોપી નં.ર કમલેશ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરમાં લખેલ સ્લીપો નંગ–૪૬ સાથે મળી આવી તેમજ કોમ્પ્યુટરમાં વંદન ફોલ્ડર બનાવી કોમ્પ્યુટરમાં આરોપી સહદેવસીંહ વાઘેલા સાથે અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ ) કરી ઉપરોકત ચાર પ્રકારના ટેક્ષ નહીં ભરી ષડયંત્ર રચી સેબીના મેળવેલ રજીસ્ટર નંબરના પ્રમાણપત્ર આધારે પોતે શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં લઇ સરકારમાં જમા નહીં કરાવી, સરકારી નાણાંની ઉચાપત કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે અને આ રીતે આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ)

તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ–૬૫, ૬૬, ૬૬–એ, બી, સી, ડી મુજબનો ગુનો આચરેલ હોય તેઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ.

## પોલીસ અન્વેષણ

(૦૩) સદર બનાવ અંગેની ઉપરોકત ફરીયાદ, ફરીયાદીશ્રી કે.આઇ.મોદી, પોલીસ ઇન્સપેકટર, ગુના નિવારણ શાખા, અમદાવાદ શહેર નાઓએ નારણપુરા પો.સ્ટે. ખાતે નોંધાવતા, ગુના રજીસ્ટર નં. ૧૧/૨૦૧૫, ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ– ૬૫, ૬૬, ૬૬–એ, બી, સી, ડી મુજબનો ગુનો રજીસ્ટર કરેલો. તપાસ કરનાર અધિકારીએ સમગ્ર ગુનાની વિગતવાર તપાસ કરેલ, જરુરી પંચનામા કરેલા, આરોપીઓને અટક કરેલા, સાહેદોના નિવેદનો લીધેલા.સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ઉપર મુજબના ગુનાનું ચાર્જશીટ વિધ્વાન ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૯, અમદાવાદની કોર્ટમાં દાખલ કરેલ જે ક્રીમીનલ કેસ નં.૨૭૭–૨૦૧૫ થી રજીસ્ટરે લેવાયેલ.

## મુકદ્દમાની સોંપણી

(૦૪) આ કામમાં એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ નં.૯ સમક્ષ તા.૨૯–૭–૨૦૨૧ નારોજ વિ.એ.પી.પી.શ્રીએ સદર કામમાં આરોપી ઓ વિરુધ્ધ ધી સીકયોરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ– ૨૩(૧)(એફ) તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ–૬૫,

૬૬, ૬૬–એ, બી, સી, ડી મુજબનો ગુનો બનતો હોય, સદર કામ વિશેષ અદાલત તરફ તબદીલ કરવા રજૂઆત કરેલી હતી. આ કામના આરોપીઓ વિરુધ્ધના આક્ષેપિત ગુનાની હકીકત, સજાની જોગવાઇ અને આરોપીઓ વિરુધ્ધ ઇન્સાફી ન્યાયિક કાર્યવાહી ચલાવવાની હકુમતને ધ્યાનમાં લઇ આરોપીઓ વિરુધ્ધનો આ કેસ વિ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી, કોર્ટ નં.૯, અમદાવાદનાઓના તા.૨૯–૧૨–૨૦૨૨ નારોજના કમીટલ હુકમ થી અત્રેની વિશેષ અદાલત તરફ તબદીલ કરવામાં આવેલ, જેથી સદર કેસ સેશન્સ કેસ નં.૭૨–૨૦૨૪ થી અત્રેની કોર્ટમાં રજીસ્ટરે લેવાયેલ છે.

District & Sessions Court Ahmedabad Rural

**<u>તહોમતનામુ</u>**

**(૦૫)** બાદ અત્રેની કોર્ટ ધ્વારા રેકર્ડ પરની સામગ્રીને વંચાણે લઇ, તા.૧૯–૦૨–૨૦૨૫ નારોજ આંક–૩૭ થી આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ–૬૫, ૬૬, ૬૬–એ, બી, સી, ડી મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવેલ. આરોપીઓએ તેઓની વિરુધ્ધનો ગુનો કબુલ ન હોય અને ટ્રાયલ ચલાવવા માંગણી કરતા, આરોપીઓના આંક–૩૮ થી આંક–૪૦ સુધીના નિવેદનો નોંધી, આરોપીઓ વિરુધ્ધ ફરમાવેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર કેસ રાખવામાં આવેલ.

**(૦૬)** ફરીયાદ પક્ષના ઉપરોકત પુરાવાના અંતે આરોપીઓનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસની મોટાભાગની હકીકતોનો

ઈન્કાર કરી તેઓની વિરુધ્ધનો પુરાવો ખોટો હોવાનું, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા માંગતા નહીં હોવાનું જણાવી આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપીએ કહેવાતા આક્ષેપિત અને ગુના સંબંધે કોઈ ગુનો આચરેલ નથી અને કોઈ ગેરકાયદેસર શેરોના ટ્રાન્ઝેકશન કરી સરકારને ટેક્ષની ચોરી કરી નુકશાન પહોચાડેલ હોય તેવું બનેલ નથી તેમછતાં તે સબબ કોઈ પુરાવો ન હોવાછતા ખોટી ફરીયાદ કરી ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે. અમો નિર્દોષ છીએ.''

(૦૭)		આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદીને સાંભળ્યા તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ. એચ. પટેલનાઓએ આંક–૮૩ થી લેખિત દલીલો રજૂ રાખેલ છે જે વંચાણે લીધેલ છે.

(૦૮)		સદર કામે શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીઓ પૈકી ગુણવંતભાઈ પટેલે પોતાની માલીકીની ઓફીસ નં.૩૮–૪૦ અંકુર કોમ્પલેક્ષ, અંકુર ચાર રસ્તા, નારણપુરા ખાતે સીકયોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયાના સબ બ્રોકર તરીકેનો રજી. નં. **INS - 231298410/23-07825** નો મુંબઈથી તા.ર૧ માર્ચ ર૦૦ર થી મેળવેલ અને પોતાના બ્રોકર ઈન્વેસ્ટમેન્ટ સીકયોરીટીઝ લી. જેનો સેબી રજી. નં. **INB - 230782537** છે અને જેની ઓફીસ ૩૭–૩૮, 'બી' બ્લોક, બીજો માળ, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદનાઓની સાથે ઓનલાઈન શેર લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય અને કાયદેસરના શેરોમાં (૧) સીકયોરીટી ટ્રાન્ઝેકશન ચાર્જ (ર) સર્વીસ ટેક્ષ (૩) સ્ટેમ્પ ચાર્જ (૪) ટર્ન ઓવર ચાર્જ વગેરે કાયદેસર રીતે ભરતા હોય, આ ધંધાના ઓઠા હેઠળ પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઈન્ટરનેટ સાથે જોડી પોતાના નોકર આ કામના આરોપી નં.ર કમલેશ વાસુભાઈ પટેલના

મેળાપીપણામાં રહી અનઅધિકૃત રીતે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની મદદથી શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ) કરી અને આરોપી નં.૨ કમલેશ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરથી લખી સરકારશ્રી માં ભરવા પાત્ર થતા ઉપરોકત ચાર પ્રકારના ટેક્ષો નહીં ભરી,અંગત નાણાંકીય લાભ મેળવી, આરોપી નં.૨ કમલેશ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરમાં લખેલ સ્લીપો નંગ–૪૬ સાથે મળી આવી તેમજ કોમ્પ્યુટરમાં વંદન ફોલ્ડર બનાવી કોમ્પ્યુટરમાં આરોપી સહદેવસીંહ વાઘેલા સાથે અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ (ડબ્બા ટ્રેડીંગ) કરી ઉપરોકત ચાર પ્રકારના ટેક્ષ નહીં ભરી ષડયંત્ર રચી સેબીના મેળવેલ રજીસ્ટર નંબરના પ્રમાણપત્ર આધારે પોતે શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં લઇ સરકારમાં જમા નહીં કરાવી, સરકારી નાણાંની ઉચાપત કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે અને આ રીતે આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ –૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ, બી, સી, ડી મુજબનો ગુનો આચરેલ છે.

(૮.૧) વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓને મળેલી બાતમીના આધારે બે પંચોને સાથે રાખી આરોપી ગુણવંતભાઇની માલીકીની ઓફીસમાં ગયેલા, ત્યાં ત્રણેય આરોપીઓ હાજર હતા અને ત્યાંથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો છે. આરોપી ગુણવંતભાઇએ સીકયોરીટી એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના સબબ્રોકર તરીકે રજીસ્ટ્રેશન નંબર મેળવેલો અને ઓનલાઇન શેરોની લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય તેમજ આ ધંધાના ઓથા હેઠળ આરોપી કમલેશભાઇના મેળાપીપણામાં અનઅધિકૃત શેરોની લે–વેચ કરી, સરકારમાં ભરવા પાત્ર થતો કાયદેસરનો ટેક્ષ નહીં ભરી, સરકાર સાથે છેતરપીંડી કરેલ છે, આર્થિક લાભ મેળવેલ છે અને તેમ કરી સેબીના

નિયમોનો ભંગ કરેલ છે. આ હકીકતને આંક–૫૦ થી રજૂ અસલ ફરીયાદ તેમજ આંક–૫૧ થી રજૂ બનાવવાળી જગ્યાનું પંચનામુ, આંક–૫૨ તથા આંક–૫૩ થી રજૂ થયેલ હસ્તલિખિત ચીઠ્ઠીઓ તેમજ માર્ક–એ થી રજૂ થયેલ સ્ટેટમેન્ટોની હકીકતથી ફરીયાદીના પુરાવાને સમર્થન પ્રાપ્ત થયેલ છે. તેથી આ ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ રહેલા છે.

(૮.૨) વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આંક–૫૧ થી રજૂ થયેલ બનાવ વાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ પીન્ટુભાઇ પરસોતમભાઇ ગોહીલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ તેઓ આંક–૫૧ થી રજૂ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે પરંતુ તેટલા માત્રથી આ પંચનામાની હકીકતો માનવી નહીં જોઇએ તેવું કોઇ કારણ નથી અને તે રીતે પંચનામાની હકીકત ધ્વારા બનાવની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૮.૩) વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ રાજેન્દ્રસીંહ જીવતસીંહ વંશ અને ગોવીંદભાઇ ટીડાભાઇ ગોહીલનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ બંને પોલીસ સાહેદો છે અને બનાવ સ્થળની રેડ દરમ્યાન તેઓ બંને ફરીયાદીની સાથે હતા અને પોતાના મૌખિક પુરાવા દરમ્યાન રેડની કામગીરીની સમગ્ર હકીકતો જણાવેલી છે અને ફરીયાદ હકીકત તેમજ ફરીયાદી સાહેદના પુરાવાને સમર્થન આપેલ છે. આમ, આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો ફરીયાદ પક્ષના પુરાવા ધ્વારા સાબીત થયેલા હોય, આરોપીને તેમની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુના સબબ તકશીરવાન ઠરાવી સખ્ત સજા કરવા રજૂઆત કરેલ છે.

(૮.૪) વિ.પી.પી.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ બિન્દેશભાઇ, મહેશભાઇ, મીહીરભાઇ, દીલીપભાઇનાઓ આરોપી

ગુણવંતભાઇને ત્યાંથી શેર ટ્રેડીંગનું કામ કરતા હોય સ્વાભાવિક છે કે હિત ધરાવનાર સાહેદો હોવાથી પ્રોસીકયુશનને મદદરુપ થઇ શકે તેવો પુરાવો આપેલો ન હોય પરંતુ તેટલા માત્રથી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા ઓછી આંકી શકાય નહીં. તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી પણ ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ છે. આમ, આરોપીઓએ અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ ટ્રાન્ઝેકશન(ડબ્બા ટ્રેડીંગ) કરી પોતાના અંગત ફાયદા સારું ષડયંત્ર રચી સેબીના મેળવેલ રજીસ્ટર્ડ નંબરના પ્રમાણપત્રના આધારે શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં લઇ સરકારમાં જમા નહીં કરાવી સરકારશ્રી સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરી સરકારી નાણાંની ઉચાપત કરેલ હોવાનું પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ રહેલા હોય, આરોપીઓને તેમની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુના સબબ તકશીરવાન ઠરાવી સખ્ત સજા કરવા રજૂઆત કરેલ છે.

(०૯) આ કામે બચાવ પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી એમ.એચ.પટેલ નાઓએ આંક–૮૩ થી લેખિત દલીલો રજૂ રાખેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના મૂળ ફરીયાદીએ પોતાના પુરાવામાં હાલના આરોપીઓએ ગેરકાયદેસર વ્યવહારોથી કયા સમયગાળા દરમ્યાન ટેક્ષની ચોરી કરી સરકારને નુકશાન કરેલ છે તે જણાવેલ નથી ફકત ગેરકાયદેસરના વ્યાવહારો કરેલા છે તેવા અનુમાનના આધારે ફરીયાદ કરેલી છે. સેબીની કલમ–૨૬ મુજબ ફરીયાદીને કોઇ સત્તા આપવામાં આવેલ હોય તેવું તેઓના પુરાવા દરમ્યાન કે ચાર્જશીટ દરમ્યાન જણાઇ આવેલ નથી. આ સાહેદ આંક–૫૨ અને આંક–૫૩ વાળા વ્યવહારો ગેરકાયદેસર થયેલા હોય તેવું આ સાહેદના પુરાવાથી પુરવાર થતું નથી. પાન નં.૧ થી ૪૯ વંદન નામના ફોલ્ડરમાંથી મેળવેલ પુરાવા બાબતે ૬૫(બી) નું સર્ટીફીકેટ કોર્ટમાં રજૂ કરેલ ન હોય

ઈલેકટ્રોનીકસ એવીડન્સ પુરવાર થયેલ ન હોવાથી તે માની શકાય નહીં. આરોપી કમલેશભાઇનું લખાણની નોટબુક મેળવેલ છે પરંતુ આ લખાણ એફ.એસ.એલ.માં મોકલી નિષ્ણાંતનો અભિપ્રાય મેળવેલ નથી જેથી આંક–પર અને અંક–પ૩ વાળા દસ્તાવેજના હસ્તાક્ષર આરોપીના હોય તે હકીકત પુરવાર થતી નથી. જેથી ફરીયાદી ફરીયાદ મુજબના આરોપી વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલા નથી.

(૯.૧) બચાવ પક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, પંચ સાહેદ પીન્ટુભાઇ ગોહીલ પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું અને તેઓની હાજરીમાં કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી તેમ જણાવી આંક–પ૧ થી રજૂ પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો રજૂ કરતા ન હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરવામાં આવેલા છે. પોલીસ સાહેદ રાજેન્દ્રસીંહ વંશ તથા ગોવીંદભાઇ ગોહીલ કે જેઓ રેડીંગ પાર્ટીના સભ્યો છે તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં આરોપીએ કેટલી રકમની ટેક્ષ ચોરી કરેલ છે તે જણાવેલ નથી અને બનાવ સ્થળે તેઓ પહોંચ્યા ત્યારે આરોપી કમલેશભાઇ કાગળમાં લખાણ કરતા હોય તેવું તેમને જોયેલ નથી તેમજ કબજે કરવામાં આવેલ કોમ્પ્યુટર વગેરે કયા કલરના હતા તે પણ જણાવી શકે નહીં તેમજ પી.આઇ. મોદી સાહેબે કોમ્પ્યુટર, સીપીયુ, માઉસ વગેરે સ્થળ ઉપરથી કબજે કરી સીલ કરેલ નથી. આમ, આ સાહેદ પોલીસ સાહેદ છે અને ફરીયાદી સાહેદના કથનથી વિરુધ્ધનો પુરાવો રજૂ રાખે છે. જેથી ફરીયાદીનો પંચો રુબરુ મુદ્દામાલ કબજે કરેલાની હકીકત માની શકાય તેમ નથી. તેમજ કાપલીમાં કયા શેર કેટલી રકમના હતા તેની જાત માહીતી નથી. આમ, આ સાહેદ રેડીંગ પાર્ટીના સભ્ય હોવાછતાં આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટેનો પુરાવો રજૂ કરવામાં નીષ્ફળ રહેલા છે.

(૯.૨) બચાવ પક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ બીન્દેશભાઇ, મહેશભાઇ પટેલ, મીહીરભાઇ પટેલ, દીલીપભાઇ પટેલ કે

જેઓ સ્વતંત્ર સાહેદો છે અને તેઓએ ફરીયાદને સમર્થનકારક પુરાવો રજૂ કરેલ નથી તેમજ આરોપી શેરબજારના કાયદેસરના વ્યવહારો કરતા હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદીએ અનુમાનના આધારે ફરીયાદ નોંધાવેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. ત્યારબાદ પોલીસ સાહેદ વિક્રમસીંહ ચાવડા ના પુરાવાથી ફરીયાદ પક્ષ તેમની ચેઇન ઓફ કસ્ટડી પુરવાર કરી શકેલ નથી. સાહેદ વી.આર.ભીલ નાઓએ કબુલ કરેલી હકીકત છે કે તેઓને તપાસ મળ્યા બાદ તેઓ ગુનાવાળી ઓફીસે ગયેલા નથી. તેમજ તેઓને સેબી ધ્વારા તપાસનો કોઇ હુકમ મળેલ નથી કે તેઓએ પણ સેબીના અધિકારીને આ ગુના સંદર્ભે કોઇ જાણ કરેલ નથી. તેમજ કહેવાતા અનઅધિકૃત ટ્રાન્ઝેકશન સંદર્ભે સેબીમાંથી કોઇ માહીતી મેળવેલ નથી. તેમજ મુદામાલ કબજે કરેલાની હકીકત શંકા ઉદભવે તેવી છે. આ સાહેદે નિષ્પક્ષ તપાસ કર્યા વગર ફકત ફરીયાદીએ કરેલ અનુમાન મુજબના આરોપી વિરુધ્ધના કોઇ પુરાવા મેળવ્યા વગર ચાર્જશીટ કરી દીધેલ છે. સરકારને કેટલી રકમનું નુકશાન થયેલ છે તે ચાર્જશીટમાં દર્શાવેલ નથી.

(૯.૩) બચાવ પક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે,સ્વતંત્ર સાહેદોના નિવેદન દરમ્યાન પંચનામાની વિગતે કોઇ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું જણાઇ આવતું નથી. હાલના આરોપીએ કોઇપણ ગ્રાહક સાથે ગેરકાયદેસરની શેર લે–વેચની કામગીરી કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તે માની શકાય તેમ નથી. ત.ક.અ. એ એક પણ પુરાવો આરોપી વિરુધ્ધનો રજૂ કરેલ હોય તેવું જણાતું નથી. સાહેદ દીલીપકુમાર ગઢવીએ રેડીંગ પાર્ટીના ચાર અધિકારીઓના નિવેદનો લીધેલા છે. ત્યારબાદ તેઓ કબુલે છે કે આ કેસની તપાસ માટે સેબીએ કોઇ લેખિત સૂચના કે હુકમ આપેલ નથી. આરોપીઓએ કેટલી રકમની ટેક્ષ ચોરી કરી તેની ચોકકસ અંદાજીત રકમ રેઇડ પાર્ટીના પોલીસ અધિકારીઓના નિવેદનમાં ખૂલવા પામેલ નથી. જેથી હાલના આરોપીઓએ કોઇ ટેક્ષ ચોરી કરેલ નથી પરંતુ

ઉપરી અધિકારીએ કરેલ ફરીયાદના સમર્થનમાં ખોટો પુરાવો આપે છે.આંક–૭૮ થી રજૂ એફ.એસ.એલ. રીપોર્ટ જોતાં પણ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો પુરવાર થતા નથી.

(૯.૪) બચાવ પક્ષના વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, સદર કામે મહત્વના સાહેદ એવા ફરીયાદીના પુરાવાથી આરોપીએ અનઅધિકૃત રીતે કયા શેરોની અને કયા સમયગાળા દરમ્યાન કેટલી રકમની અને કયા ગ્રાહકોના નામથી કેટલી રકમની ચોરી કરેલ છે તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલા નથી. તેમજ સેબી તરફથી તપાસ કરનાર અધિકારીને કે ફરીયાદીને કોઇ સત્તા કે અધિકાર આપવામાં આવેલા નથી તેમજ ફરીયાદી કે તપાસ કરનાર અધિકારીએ સેબીમાં જઈ કહેવાતા ખોટા ટ્રાન્ઝકશનો બાબતે તપાસ કરેલ નથી. પ્રોસીકયુશન ઇલેકટ્રોનિક માધ્યમથી રજૂ કરેલ પુરાવા પુરવાર કરવામાં સફળ રહેલા નથી. પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલા સ્વતંત્ર સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી તેમજ સરકારી સાહેદો પણ એકબીજાથી વિરોધાભાસી પુરાવો કોર્ટમાં રજૂ કરી રહેલા છે. તે રીતે પ્રોસીકયુશન આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુનાઓ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા માટે રજૂઆત કરેલ છે અને પોતાની રજૂઆતના સમર્થનમાં સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડીયા, ૨૦૨૫ લો સ્યુટ(એસસી)૧૧૭, ચંદ્રભાણ સુદામ સનપ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો ચૂકાદો રજૂ રાખેલ છે, જે વંચાણે લઈ, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નીષ્ફળ રહેલા હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલી છે.

**(૧૦)** સદરહુ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.



District & Sessions Court Ahmedabad Rural सत्यमेव जयते

## નિર્ધારણ બિંદુઓ(મુદ્દા)

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ગુણવંતભાઇ પટેલે પોતાની માલીકીની ઓફીસમાં સીકયોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના સબ બ્રોકર તરીકેનો રજીસ્ટર્ડ નંબર મેળવી, બ્રોકર ઇન્વેસ્ટમેન્ટ સીકયોરીટીઝ લી. સાથે ઓનલાઇન શેર લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય, આ ધંધાના ઓઠા હેઠળ પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઇન્ટરનેટ સાથે જોડી પોતાના નોકર આરોપી નં.ર કમલેશ વાસુભાઇ પટેલના મેળાપીપણામાં રહી અનઅધિકૃત રીતે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની મદદથી શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ) કરી, આરોપી કમલેશ વાસુભાઇ પટેલના સ્વહસ્તાક્ષરથી લખી સરકારશ્રીમાં ભરવા પાત્ર થતા ટેક્ષ નહીં ભરી, અંગત નાણાંકીય લાભ મેળવી, તેમજ કોમ્પ્યુટરમાં વંદન ફોલ્ડર બનાવી આરોપી સહદેવસીંહ વાઘેલા સાથે અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ (ડબ્બા ટ્રેડીંગ) કરી, સેબીના મેળવેલ રજીસ્ટર નંબરના પ્રમાણપત્ર આધારે શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં લઇ, સરકારમાં જમા નહીં કરાવી, સરકારી નાણાંની ઉચાપત કરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ગુણવંતભાઇ પટેલે પોતાની માલીકીની ઓફીસ નં.૩૮–૪૦ અંકુર કોમ્પલેક્ષ, અંકુર ચાર રસ્તા, નારણપુરા

ખાતે સીકયોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના સબ બ્રોકર તરીકેનો રજીસ્ટર્ડ નંબર મેળવી પોતાના બ્રોકર ઇન્વેસ્ટમેન્ટ સીકયોરીટીઝ લી. નાઓની સાથે ઓનલાઇન શેર લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય,આ ધંધાના ઓઠા હેઠળ પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઇન્ટરનેટ સાથે જોડી આરોપી કમલેશ વાસુભાઇ પટેલના મેળાપીપણામાં રહી અનઅધિકૃત રીતે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની મદદથી શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ) કરી, સરકારશ્રીમાં ભરવા પાત્ર થતા ટેક્ષ નહીં ભરી, અંગત નાણાંકીય લાભ મેળવી, તેમજ કોમ્પ્યુટરમાં વંદન નામનું ફોલ્ડર બનાવી આરોપી સહદેવસીંહ સાથે અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ (ડબ્બા ટ્રેડીંગ) કરી, ષડયંત્ર રચી, સેબીના મેળવેલ રજીસ્ટર નંબરના પ્રમાણપત્ર ના આધારે શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં લઇ સરકારમાં જમા નહીં કરાવી, સરકારી નાણાંની ઉચાપત કરી ધી સીકયુરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ – ૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

(૩) આ કામના આરોપી ગુણવંતભાઇ પટેલે પોતાની માલીકીની ઓફીસ નં.૩૮–૪૦ અંકુર કોમ્પલેક્ષ, અંકુર ચાર રસ્તા, નારણપુરા ખાતે સીકયોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના સબ બ્રોકર તરીકેનો રજીસ્ટર્ડ નંબર મેળવી પોતાના બ્રોકર ઇન્વેસ્ટમેન્ટ સીકયોરીટીઝ લી. નાઓની સાથે ઓનલાઇન શેર લે–વેચનું ટ્રાન્ઝેકશન કરતા હોય,આ ધંધાના ઓઠા હેઠળ પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઇન્ટરનેટ સાથે જોડી આરોપી કમલેશ વાસુભાઇ પટેલના મેળાપીપણામાં રહી

અનઅધિકૃત રીતે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની મદદથી શેરોની લે–વેચ(ડબ્બા ટ્રેડીંગ) કરી, સરકારશ્રીમાં ભરવા પાત્ર થતા ટેક્ષ નહીં ભરી, અંગત નાણાંકીય લાભ મેળવી, તેમજ કોમ્પ્યુટરમાં વંદન નામનું ફોલ્ડર બનાવી આરોપી સહદેવસીંહ સાથે અનઅધિકૃત રીતે શેરોની લે–વેચ (ડબ્બા ટ્રેડીંગ) કરી ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ–૬૫, ૬૬,૬૬–એ, બી, સી, ડી મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

(૪)　　શું હુકમ ?

District & Sessions Court Ahmedabad[Rural] सत्यमेव जयते

**(૧૧)**　　ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

**<u>// ચર્ચાઓ, નિર્ણય તથા તેના કારણો //</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :</u>**

**(૧૨)**　　આરોપીઓ સામે આંક–૩૭ થી એ મતલબનો ચાર્જ છે કે, આરોપી નં.૧ ગુણવંતભાઇ કેશવલાલ પટેલ સેબીના સબ બ્રોકર તરીકે તા.૨૧–૩–૨૦૦૨ થી રજીસ્ટર્ડ થયેલ છે અને તેઓ પોતાની માલીકીની ઓફીસ નં.૩૮–૪૦ અંકુર કોમ્પલેક્ષ, નારણપુરા ખાતે શેરની લે–વેચની કામગીરી કરે છે.

(૧૨.૧) આરોપી નં.૧,૨,૩ નાઓએ એકબીજાના મેળાપીપણામાં સેબી હેઠળ રજીસ્ટર્ડ થયેલ સબ બ્રોકર તરીકે કાયદેસરની શેર લે–વેચ ના વ્યવહારો કરવાના બદલે અનઅધિકૃત/ડબ્બા ટ્રેડીંગ કરતા હતા અને તેમ કરીને તેઓ સીકયોરીટી ટ્રાન્ઝેકશન ચાર્જ, સર્વીસ ટેક્ષ, સ્ટેમ્પ ચાર્જ અને ટર્ન ઓવર ચાર્જ ભરવા ન પડે તે ઈરાદાથી અનઅધિકૃત ડબ્બા ટ્રેડીંગ કરતા હતા અને તેમ કરીને તેઓ અંગત નાણાંકીય લાભ મેળવતા હતા. પોલીસે તેઓની ઓફીસ ઉપર રેડ કરેલી ત્યારે અનઅધિકૃત વ્યવહારોની આરોપી નં.૨ કમલેશભાઇ પટેલના સ્વહસ્તાક્ષરમાં સ્લીપો મળી આવેલી તેમજ તેઓની ઓફીસમાંથી કોમ્પ્યુટરો કબજે લીધેલા તેમાં પણ અનઅધિકૃત શેરોની લે–વેચ/ડબ્બા ટ્રેડીંગની વિગતો મળી આવેલી. આમ, આરોપીઓ એકબીજાના મેળાપીપણામાં પોતે સેબીમાં રજીસ્ટર્ડ થયેલ છે તેના આધારે ગ્રાહકો વતી શેર લે–વેચના બ્રોકર તરીકેની કામગીરી કરતા હતા અને ગ્રાહક પાસેથી ટેક્ષના નાણાં મેળવી લઈ સરકારમાં જમા કરાવેલ નહી અને તે રીતે સરકારી નાણાંની ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે તેમજ સીકયોરીટી કોન્ટ્રાકટ રેગ્યુલેશન એકટના નિયમોનો ભંગ કરેલ છે અને તે રીતે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ ૬૫, ૬૬,૬૬–એ, બી, સી, ડી મુજબનો ગુનો આચરેલ હોવા સંબંધેનો આક્ષેપ છે.

**(૧૩)** આ કામે પ્રોસીકયુશનનો પુરાવો ધ્યાને લેતાં પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૧ કિરણકુમાર ઈશ્વરલાલ મોદીનો આંક–૪૯** થી રજૂ પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ મતલબની હકીકત જણાવેલ છે કે, તેઓ તા.૧૫–૧–૨૦૧૫ નારોજ નારણપુરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને ખાનગી બાતમી મળેલી કે ગુણવંતભાઇ પટેલ અને

કમલેશભાઇ પટેલ ગેરકાયદેસર શેર ટ્રાન્ઝેકશનના સોદા કરે છે અને ગ્રાહકો પાસેથી ટેક્ષની રકમ મેળવી ગેરકાયદેસર શેરના ટ્રાન્ઝેકશનના સોદા કરે છે અને સરકારમાં કાયદેસરનો ટેક્ષ ભરવો ન પાડે તેથી સેબીના નિયમોનો ભંગ કરી અને સરકાર સાથે છેતરપીંડી આચરે છે. જેથી તેઓએ પંચોને બોલાવી અને આરોપીની અંકુર કોમ્પલેક્ષમાં આવેલી ઓફીસ નં.૩૮ માં ગયેલા અને ત્યાં આગળથી તેઓને ગેરકાયદેસરના શેર ટ્રાન્ઝેકશનની વિગતો કોમ્પ્યુટર અને હસ્તલિખિત સ્લીપોમાંથી જણાઇ આવેલી. જે તેઓએ પંચનામાની રુએ કબજે લીધેલી. સ્થળ ઉપર કમલેશભાઇ પટેલ જેઓ કોમ્પ્યુટર ઓપરેટીંગનું કામ કરતા હતા તે મળ આવેલા અને અન્ય એક વ્યકિત સહદેવભાઇ પણ ત્યાં હાજર હતા જે ડબ્બા ટ્રેડીંગના સોદા કરતા હોય તેથી તેઓ ઓફીસે આવેલા હતા. આ સાહેદ ધ્વારા પંચોની હાજરીમાં શેરોની લેવડ દેવડ સંદર્ભેના અનઅધિકૃત સોદાની વિગત દર્શાવતી સ્લીપોની પ્રીન્ટ આઉટ મેળવેલી, કોમ્પ્યુટર, સીપીયુ, હાર્ડ ડીસ્ક, મોડેમ વગેરે કબજે લીધેલા તેમજ વિદેશી ચલણ યુએસએ, યુનાઈટેડ આરબની ચલણી નોટો કુલ–૯ કબજે લીધેલી. આ સાહેદના પુરાવાથી તેઓએ ઓફીસમાં રેડ કરેલી અને જે જે વસ્તુઓ કબજે લીધેલી તે હકીકતને તેઓએ સમર્થન આપેલ છે.

(૧૩.૧) આ સાહેદ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓ કયા વાહનમાં અને કેટલા વાગ્યે નીકળેલા તેની હકીકત ફરીયાદમાં જણાવેલી નથી તેમજ  અનઅધિકૃત સોદાની માહીતી કોણે આપેલી તે હકીકત પણ તેઓએ જણાવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી અને સ્થળ ઉપર જતા પહેલા પંચનામાના પંચો અને પોલીસના માણસોની અરસપરસ અંગજડતી કરેલી હોય તેવું પણ બનેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે, ફરીયાદની અંદર સેબીના ગુનાનો ઉલ્લેખ છે પરંતુ સેબી દ્રારા કોઈ ઓથોરીટી લેટર કે હુકમ તેઓને આપવામાં આવેલ નથી.

(૧૩.૨) આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતા એ હકીકત સ્પષ્ટ

થાય છે કે, તેઓએ બનાવના દીવસે આરોપીની ઓફીસ નં.૩૮ માં ખાનગી બાતમીના આધારે તપાસ માટે ગયેલા અને ત્યાં આગળ જઇને જણાયેલ કે અનઅધિકૃત સોદાઓ થતા હતા જેથી તેઓ સ્થળ ઉપરથી કહેવાતા અનઅધિકૃત સોદાની સ્લીપો, કોમ્પ્યુટર, હાર્ડ ડીસ્ક વગેરે કબજે મેળવેલા છે. આ સાહેદના પુરાવામાંથી તેઓએ જે સોદાઓની વિગત જોયેલી તે કઇ રીતે અનઅધિકૃત હતા કે તે સોદાઓથી સરકારને ટેક્ષનું શું નુકશાન ગયેલું તે સંદર્ભેની કોઇ વિગત આ સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી. આ સાહેદનો પુરાવો સરકારની કેટલી રકમની ટેક્ષ ચોરી થયેલ છે તે બાબતે કોઇ ચોકકસ વિગત જણાવતો નથી. તેમજ તેઓએ કબજે મેળવેલ ટ્રાન્ઝેકશન લગત હિસાબો અનઅધિકૃત કયા કારણથી હતા તે બાબતે પણ કોઇ ચોકકસ પુરાવો સાહેદ તેઓના પુરાવામાં જણાવતા નથી.

**(૧૪)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૨ પિન્ટુભાઈ પરસોત્તમરામ ગોહીલને આંક–૫૬** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ પંચ સાહેદ છે અને પ્રોસીકયુશનના કેસ મુજબ જયારે પી.આઇ. મોદીને ખાનગી બાતમી મળેલી તેથી તેઓએ પંચ તરીકે પંચોને બોલાવેલા એ પૈકીના એક પંચ આ સાહેદ છે. આ સાહેદે તેઓના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ કયારેય પોલીસ સાથે પંચનામામાં કોઇ ઓફીસમાં ગયેલ નથી. તેમજ આંક–૫૧ ના પંચનામા માં તેઓની પંચ નં.૨ તરીકે સહી છે. પરંતુ સહી કરેલી ત્યારે કોઇ સાહેબો હાજર હોય તેવું બનેલ નથી તેમજ પંચનામાની વિગતે તેઓ કંઇ જાણતા નથી કે તેઓની રુબરુમાં કોઇ નોટબુકના કાગળો આંક–૫૨ અને આંક–૫૩ વાળા દસ્તાવેજો કબજે મેળવેવામાં આવેલા નથી. પ્રોસીકયુશન ધ્વારા આ સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. તેઓએ પંચનામાની વિગતને સમર્થન આપતી કોઇ હકીકત કોર્ટ સમક્ષ જણાવેલ નથી. કોર્ટ ધ્વારા પણ આ સાહેદને પંચનામાની વિગત સંદર્ભે પ્રશ્નો પૂછવામાં આવેલ છે પરંતુ

તેઓએ કોર્ટમાં જે હકીકત જણાવી છે તે સાચી હોવાનું જણાવેલ છે. ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે તેઓએ પોલીસના કહેવાથી પો.સ્ટે.માં સહી કરેલી. આમ, પોલીસ ધ્વારા જે પંચનામુ કરવામાં આવેલ છે તે પંચનામાના પંચ સાહેદ સદર પંચનામાને કે પોલીસે બનાવના દીવસે આરોપીની ઓફીસ ઉપર જે કામગીરી કરેલી હતી તેને કોઇપણ રીતે સમર્થન કરતા હોય તેવી કોઇ હકીકત તેઓના પુરાવામાંથી નીકળી  આવતી નથી.

(૧૫)        પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૩ રાજેન્દ્રસીંહ જીવતસીંહ વંશના આંક–૫૮** થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓ સાહેદ નં.૧ કે.આઇ.મોદીની સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આ સાહેદને ખાનગી બાતમી મળેલી કે આરોપીઓ અંકુર કોમ્પલેક્ષમાં આવેલ ઓફીસમાં ગેરકાયદેસરના શેર ટ્રાન્ઝેકશન કરી સરકારમાં કાયદેસરનો ટેક્ષ ન ભરી સરકાર સાથે છેતરપીંડી કરે છે અને સેબીના નિયમોનો પણ ભંગ કરે છે અને ત્યારબાદ તેઓએ પંચોને બોલાવી આરોપીની ઓફીસે ગયેલા અને ત્યાં આગળ પંચનામાની વિગતે જે કાર્યવાહી કરેલી તે હકીકતને સમર્થન આપે છે. આ સાહેદ રેડીંગ પાર્ટીના સભ્ય હોય મહદઅંશે તેઓએ સાહેદ નં.૧ કે.આઇ. મોદીના પુરાવાની હકીકતને સંલગ્ન હકીકતો જણાવેલી છે. આ સાહેદ ધ્વારા આરોપીઓને અટક કરેલા છે.

(૧૫.૧)આ સાહેદે ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પેટ્રોલીંગમાં નીકળેલા તેની કોઇ વિગત પો.સ્ટે. ની ડાયરીમાં નોંધેલી નથી. તેમજ તેઓના નિવેદનમાં કયા માધ્યમથી ખાનગી બાતમી મળેલ તેની વિગત જણાવેલ નથી અને પંચો રસ્તે જતા હતા તેઓને બોલાવેલા. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, બનાવની જગ્યાનું પ્રાથમિક પંચનામુ કરેલ નથી. તેમજ પંચો અને પોલીસ સ્ટાફના માણસોની અરસ પરસ અંગજડતી કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના નિવેદનમાં કેટલી રકમની ટેક્ષ ચોરી

કરેલ છે તેની વિગત જણાવેલ નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, પી.આઇ. મોદી સાહેબે કોમ્પ્યુટર, કીબોર્ડ, સીપીયુ, માઉસ સ્થળ ઉપરથી કબજે કરી સીલ કરેલ નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, આંક–પર અને આંક–૫૩ વાળી ૧ થી ૪૬ વાળી કાપલીમાં કયા શેર અને કેટલી રકમ છે તેની તેઓને કોઇ જાતમાહીતી નથી.

(૧૫.૨) આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેઓએ સ્થળ ઉપર જે કામગીરી કરેલ છે તેટલા પૂરતી પોલીસ કાર્યવાહીને સમર્થન આપેલ છે પરંતુ આરોપીઓ ધ્વારા કઇ રીતે અનઅધિકૃત સોદા કરવામાં આવેલ છે તેમજ કયા વ્યવહારો અનઅધિકૃત છે અને કેટલી રકમની ચોરી આરોપીઓએ કરેલ છે અને સેબીના કયા નિયમોનું ઉલ્લંઘન કરેલ છે તે સંદર્ભે કોઇ હકીકત તેઓના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

(૧૬) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૪ ગોવીંદભાઇ ટીડાભાઇ ગોહીલનો આંક–૫૯** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં તેઓ પોલીસ સાહેદ છે અને બનાવ તા.૧૫–૧–૨૦૧૫ ના રોજ તેઓ પણ રેડીંગ પાર્ટીના સભ્ય હતા અને ખાનગી માહીતીના આધારે તેઓ આરોપીની ઓફીસ નં.૩૮ માં ગયેલા અને ત્યાં આગળ પોલીસે જે કાર્યવાહી કરેલી છે તે હકીકતને સમર્થન આપેલ છે. તેઓનો પુરાવો સાહેદ નં.૧ કે.આઇ. મોદી અને સાહેદ નં.૩ રાજેન્દ્સીંહ વંશનાઓ ધ્વારા સ્થળ ઉપર પોલીસે જે પંચનામાની કાર્યવાહી અને મુદ્દામાલ, કાપલીઓ કબજે લીધેલ છે તે હકીકતને સમર્થન આપેલ છે. આ સાહેદ ધ્વારા હાજર આરોપીઓ પૈકી ત્રણ આરોપીને આંગળી ચીંધીને ઓળખી બતાવેલ છે પરંતુ તેઓ કોણ છે તેની વિગત તેઓ કહી શકતા નથી અને ત્રીજા આરોપીને ખોટો ઓળખી બતાવેલ છે.

(૧૬.૧) આ સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસને કયા માધ્યમથી ખાનગી બાતમી મળેલી તેની કોઇ હકીકત

જણાવેલ નથી. તેઓ ધ્વારા સ્થળ ઉપર આરોપીઓ પાસેથી જે મોબાઇલ ફોન કબજે કરેલા તેને ચાલુ કરીને ગુનાને લગત કોઇ સાહિત્ય કે મટીરીયલ જોયેલું હોય તેવું બનેલું નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે તેઓના પોલીસ રુબરુના નિવેદનમાં ટેક્ષ ચોરીની કેટલી રકમ હતી તે તેઓએ જણાવેલ નથી.

(૧૬.૨) આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ ધ્વારા કઇ રીતે અનઅધિકૃત સોદાઓ કરવામાં આવેલ છે તેમજ ટેક્ષની કેટલી રકમની ચોરી કરવામાં આવેલ છે તે સંદર્ભેની કોઇ હકીકત સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

**(૧૭)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.પ બિન્દેશભાઇ રમણભાઇ પટેલ નો આંક–૬૧** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ આરોપી નં.૧ ગુણવંતભાઇ પટલને ઓળખે છે અને તેઓને ત્યાં પોતાનું શેર બજારનું એકાઉન્ટ હતું તે હકીકત જણાવે છે. તેઓ આરોપીની ઓફીસે જતા હતા અને શેરના હિસાબો કોમ્પ્યુટરમાં થતા હતા તેવી તેમને જાણ છે.

(૧૭.૧) આ સાહેદના પુરાવામાંથી પણ આરોપીઓ ગેરકાયદેસરના સોદા/ડબ્બા ટ્રેડીંગ કરતા હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. પ્રોસીકયુશન ધ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને પ્રોસીકયુશન તરફે ઉલટ તપાસ કરતાં પ્રોસીકયુશનના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાઇ આવેલ નથી. સાહેદેની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે ગુણવંતભાઇને ત્યાં શેર બજાર લે–વેચનું જે કામ કરતા હતા તેનું તેમને બીલ આપવામાં આવતું હતું અને ટ્રેડીંગ કરવાથી જે નફો થતો હતો તેમાંથી કાયદેસરના ટેક્ષની રકમ કપાત કરીને ચેકથી રકમ આરોપી ધ્વારા ચુકવવામાં આવતી હતી.

(૧૮) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૬ મહેશભાઈ જયંતીભાઈ પટેલનો આંક–૬૨** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ પણ આરોપી ગુણવંતભાઇને ત્યાં ડીમેટ એકાઉન્ટ ધરાવતા હતા અને કાયદેસરના શેર ટ્રાન્ઝકશન કરતા હતા તે હકીકત જણાવેલ છે. તેઓનું પોલીસે કોઇ નિવેદન લીધેલ નથી કે તેઓએ સ્થળ ઉપર બેઠેલ હતા કે ઓફીસમાં શેર લે–વેચનું કામ કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી નથી. આ સાહેદને પ્રોસીકયુશન ધ્વારા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલા છે. બચાવ પક્ષે આરોપીની ઉલટ તપાસ કરતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ગુણવંતભાઇને ત્યાં શેરબજારનું ટ્રેડીંગ કરતા હતા તેના તેઓને બીલો આપવામાં આવતા હતા. ટ્રેડીંગથી જે નફો થતો હતો તેમાં કાયદેસરની ટેક્ષની રકમ કપાત કરીને ચેકથી રકમ ચૂકવવામાં આવતી હતી.

(૧૯) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૭ મીહીરભાઈ કાંતીભાઈ પટેલના આંક–૬૫** થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતા તેઓ પણ આરોપી ગુણવંતભાઇ સાથે શેર બજારનું કાયદેસરનું ટ્રેડીંગનું કામકાજ કરતા હતા તેવી હકીકત જણાવેલ છે. તેઓએ પોલીસમાં કોઈ વસ્તુ આપેલ નથી કે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોય તેવું યાદ નથી તેવું જણાવેલ છે. ની.૪૧/૭ વાળા બીલો જોઇને તે બીલો તેઓના હોવાનું જણાવે છે. પરંતુ કોણે આપેલા અને કયાંથી આપેલા તે તેઓને યાદ નથી. સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કાયદેસરનું ટ્રેડીંગનું કામ કરતા હતા અને આરોપી ગુંણવતભાઇ પણ કાયદેસરનું કામ કરતા હતા.

(૨૦) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૮ દીલીપભાઈ નાનુભાઈ પટેલના આંક–૬૬** થી રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતા તેઓ પણ આરોપી ગુણવંતભાઇ સાથે શેર બજારનું કાયદેસરનું ટ્રેડીંગનું કામકાજ કરતા હતા તેવી હકીકત

જણાવેલ છે. તેઓએ પોલીસમાં કોઇ વસ્તુ આપેલ નથી કે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોય તેવું યાદ નથી તેવું જણાવેલ છે. ની.૪૧/૭ વાળા બીલો જોઇને તે બીલો તેઓના હોવાનું જણાવે છે. પરંતુ કોણે આપેલા અને કયાંથી આપેલા તે તેઓને યાદ નથી. સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કાયદેસરનું ટ્રેડીંગનું કામ કરતા હતા અને આરોપી ગુંણવતભાઇ પણ કાયદેસરનું કામ કરતા હતા.

(૨૦.૧) ઉપરોકત સાહેદ નં.પ બીન્દેશભાઇ રમણભાઇ પટેલ, સાહેદ નં.૬ મહેશભાઇ જયંતીભાઇ પટેલ, સાહેદ નં.૭ મીહીરભાઇ કાંતીભાઇ પટેલ, સાહેદ નં.૮ દીલીપભાઇ નાનુભાઇ પટેલ કે જેઓ પ્રોસીકયુશન ધ્વારા આરોપીઓ સાથે આ સાહેદો શેર બજારના ટ્રાન્ઝેકશન કરતા હતા જેથી તેઓને તપાસવામાં આવેલા છે. ઉપરોકત સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતા કોઇપણ સાહેદોએ આરોપીને ત્યાં ડબ્બા ટ્રેડીંગ/અનઅધિકૃત શેરોના સોદા કરતા હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓ જે સોદાઓ કરતા હતા તે કાયદેસરના કરતા હતા તેઓને જે રકમ ચૂકવવામાં આવતી હતી તે ટેક્ષની રકમ કપાત કરીને ચૂકવવામાં આવતી હતી તે મતલબની હકીકત જણાવી છે.

**(૨૧)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૯ વિક્રમસીંહ જીતુભાઇ ચાવડાનો આંક–૬૯** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ–૨૩(૧)(એફ) તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી, ડી મુજબના ગુનાઓ નોંધાયેલા છે અને જે મુદ્દામાલ સદર ગુનાને લગત કબજે લેવામાં આવેલ તે પૈકી અમુક મુદ્દામાલ નામદાર કોર્ટના હુકમ અન્વયે સોંપવામાં આવેલ અને બાકીનો મુદ્દામાલ

સેશન્સ કોર્ટમાં જમા કરાવવામાં આવેલ. આ સાહેદ ધ્વારા મુદ્દામાલ જમા કરાવવાની કાર્યવાહી સંદર્ભે પુરાવો આપેલો છે અને તેનાથી વિશેષ આરોપી સામે જે ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ છે તે સંદર્ભની કોઇ હકીકત સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

(૨૨) પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૧૦ વિપીનભાઇ રઇજીભાઇ ભીલનો આંક–૭૧** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમના પુરાવામાં એ મતલબની હકીકત જણાવેલ છે કે, સાહેદ નં.૧ પી.આઇ. કે.આઇ.મોદી ધ્વારા આરોપીઓ ગેરકાયદેસર શેર ટ્રાન્ઝેકશનના સોદા કરે છે અને કાયદેસરનો ટેક્ષ સરકારમાં જમા નહી કરાવી છેતરપીંડી કરે છે તે મતલબની ફરીયાદ અંગેનો ગુનો રજીસ્ટર્ડ કરાવેલ અને મુદ્દામાલના પંચનામા અને આરોપી સાથે આગળની તપાસ ગઢવી સાહેબને સોંપવામાં આવેલી અને ત્યારબાદ આગળની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી. તેઓએ કેસ કાગળોનો અભ્યાસ કરેલો અને ત્યારબાદ તેઓએ આરોપી નં.૧ ગુણવંતભાઇના ઘરનું જડતી પંચનામુ કરેલું તેમજ મહેશભાઇ અને અન્ય સાહેદોના નિવેદનો લીધેલા. ગુણવંતભાઇ પાસેથી ગ્રાહકોનું લીસ્ટ મેળવેલું અને તેઓએ કરેલ સોદાઓનું પણ લીસ્ટ માંગી કેસમાં રજૂ રાખેલ. ત્યારબાદ તેઓએ આરોપીઓની કોલ ડીટેઇલ્સ, મોબાઇલ નંબરો તપાસના કામે મેળવેલા અને આરોપીઓ સામે પૂરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. બનાવને ઘણો સમય થયેલ હોય જેથી આરોપીઓને તેઓ ઓળખી શકે નહીં.

(૨૨.૧) આ સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તપાસ મળ્યા બાદ તેઓ ગુનાવાળી ઓફીસે ગયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મોદ સાહેબની તપાસમાં તેઓને સેબી ધ્વારા કે અધિકૃત અધિકારી ધ્વારા તપાસ કરવા અંગેનો કોઇ હુકમ મળેલ નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, ગુનાની તપાસ બાબતે સેબીના અધિકારીને આ ગુના સંદર્ભે કોઇ જાણ કરેલ

નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે આ ગુનામાં સીકયોરીટી કોન્ટ્રાકટ એકટનો ગુનો દાખલ કરેલો પરંતુ ગુનાની ફરીયાદ સેબીના અધિકૃત અધિકારી ધ્વારા આપવામાં આવેલ નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, ફરીયાદ અને પંચનામા મુજબનો મુદ્દામાલ કે.આઇ.મોદી સાહેબે પંચોની સહી અને કાપલી લગાવી સીલ કરેલ હોય તેવું કયાંય જણાઇ આવતું નથી. તેઓએ મોદી સાહેબ ધ્વારા કબજે કરવામાં આવેલ મોબાઇલ તથા કોમ્પ્યુટર હાર્ડડીસ્ક જાતે ઓપન કરીને કહેવાતા શેર બજારના ટ્રાન્ઝકશનો ગેરકાયદેસર ના છે કે કેમ તેની ખાતરી કરેલ નથી. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, ચાર્જશીટની અંદર સરકારને કેટલી રકમનું નુકશાન કરેલ છે તે દર્શાવેલ નથી.

**(૨૩)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૧૧ દીલીપકુમાર રામસીંહ ગઢવી નો આંક–૭૬** થી રજૂ પુરાવો ધ્યાને લેતાં તેઓ પણ આ ગુનાના તપાસ કરનાર અધિકારી છે. તેઓને પી.આઇ. મોદી સાહેબ તરફથી આ ગુનાની તપાસ મળેલી અને તેઓએ રેડીંગ પાર્ટીના નિવેદનો લીધેલા અને આગળની તપાસ તેઓએ વી.આર.ભીલનાઓને સોંપેલી. સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ એક જ દીવસ તપાસ કરેલી અને ચાર રેડીંગ પાર્ટીના અધિકારીઓના નિવેદનો લીધેલા તે સીવાય કોઇ કાર્યવાહી કરેલ નથી. સેબી તરફથી આ કેસની તપાસ તેમને મળેલ નથી. તેઓને યાદ નથી કે આરોપીઓ ધ્વારા કેટલી રકમના સીકયુરીટી ટ્રાન્ઝેકશન, ચાર્જીસ, સર્વીસ ટેક્ષ, સ્ટેમ્પ ચાર્જ તથા ટર્ન ઓવર ચાર્જની ચોરી કરેલી તેની ચોકકસ રકમ મેળવેલી નથી.

**(૨૪)** આ કામમાં ન્યાયિક કાર્યવાહી દરમ્યાન ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ – ૨૩(૧)(એફ) તથા

ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી, ડી ની જોગવાઇ ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬</u>**

**ગુનાહિત વિશ્વાસઘાત માટેની શિક્ષા :**

'' જે કોઇ વ્યક્તિ ગુનાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારના કેદની, અથવા સાથે દંડની, અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.''

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯</u>**

**રાજય સેવકે અથવા બેન્કરે, વેપારીએ અથવા એજન્ટે ગુનાહિત વિશ્વાસઘાત કરવા બાબત :**

'' જે કોઈ વ્યકિત, પોતાને કોઇ રાજય સેવકની હેસિયતથી અથવા પોતાના ધંધાના નાતે બેન્કર, વ્યાપારી, ફેકટરી, દલાલ, એટર્ની જનરલ અથવા એજન્ટ તરીકે પોતાને કોઇ મીલકત અથવા મીલકત ઉપરનો અધિકાર કોઇપણ રીતે સોંપાયેલો હોય અને તે મીલકત અંગે ગુનાહિત વિશ્વાસઘાત કરે, તેને આજીવન કેદની, અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે.''

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦</u>**

**ઠગાઈ કરવા અને બદદાનતથી મીલકત આપી દેવા માટે લલચાવવા બાબત :**

'' જે કોઈ વ્યકિત ઠગાઈ કરે અને એમ કરીને કોઇને મીલકત આપી દેવા, અથવા કોઇ કીંમતી જામીનગીરી અથવા સહી કે સિકકો કરેલી અને કીંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી કોઇ વસ્તુ પૂરેપૂરી

અથવા આંશિક કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને બદદાનતથી લલચાવે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.''

## ધી સીક્યોરીટી કોન્ટ્રેકટ (રેગ્યુલેશન) એકટ ૧૯૫૬ ની કલમ–૨૩(૧)(એફ) :

**Section 23(1)(f) of the Securities Contracts (Regulation) Act, 1956, penalizes managing, controlling, or assisting in maintaining an unauthorized place for trading securities.This includes operating "bucket shops" or any venue outside recognized stock exchanges used for illegal contracts, recording, adjusting rights, or enforcing liabilities.**

**Key Ingredients of Section 23(1)(f):**

**Actionable Activities: Managing, controlling, or assisting in keeping a place (other than a recognized stock exchange).**

**Purpose of Place: Used for entering into, performing, recording, or adjusting illegal contracts.**

**Illegal Nature: The contracts must be in contravention of the Act's provisions.**

**Alternative Forum: The place is used for regulating or enforcing rights or liabilities arising from such contracts.**

**This section is aimed at preventing unauthorized trading platforms that undermine established, regulated stock exchanges, according to LAWGIS**

## ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૫ ની કલમ–૬૫, ૬૬, ૬૬–એ,બી,સી,ડી

### Section 65: Tampering with Computer Source Documents

**This section penalises the intentional alteration or destruction of "computer source code" that is required by law to be maintained.**

**Essential Ingredients:**

- **Mens Rea: The act must be done knowingly or intentionally.**
- **Actus Reus: The person must conceal, destroy, or alter computer source code, or cause another to do so.**
- **Subject Matter: The target must be computer source code used for a computer, programme, system, or network.**
- **Legal Obligation: The source code must be required to be kept or maintained by law for the time being in force.**

**Penalty: Imprisonment up to 3 years, a fine up to ₹2 lakh, or both.**

**<u>Section 66: Computer Related Offences</u>**

**Section 66 is a broad provision that criminalises acts of "hacking" and other damaging activities defined in Section 43 of the Act. Essential Ingredients:**

- **Mens Rea: The person must act dishonestly or fraudulently.**
    - ***"Dishonestly"* and *"fraudulently"* carry the same meanings as defined in the Indian Penal Code (IPC).**
- **Reference to Section 43: The person must perform any of the acts listed in Section 43, such as:**
    - **Accessing or downloading data without permission.**
    - **Introducing computer contaminants or viruses.**
    - **Damaging or disrupting a computer system or network.**

**Penalty: Imprisonment up to 3 years, a fine up to ₹5 lakh, or both.**

(૨૫) આરોપીઓ સામે મૂકવામાં આવેલ ચાર્જ સંદર્ભે પ્રોસીકયુશન તરફે જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે પૈકી સાહેદો, સાહેદ નં.૫ બીન્દેશભાઇ રમણભાઇ પટેલ, સાહેદ નં.૬ મહેશભાઇ જયંતીભાઇ પટેલ, સાહેદ નં.૭ મીહીરભાઇ કાંતીભાઇ પટેલ, સાહેદ નં.૮ દીલીપભાઇ નાનુભાઇ પટેલ કે જેઓ આરોપી નં.૧ ગુણવંતભાઇ પટેલને ત્યાં પોતાના શેર ટ્રાન્ઝેકશનનું એકાઉન્ટ ધરાવતા હતા. તે સાહેદો ધ્વારા ગેરકાયદેસરના સોદા કરવામાં આવેલા છે કે કેમ તે સંદર્ભે કોઇ ચોકકસ પુરાવો જણાઇ આવતો

નથી. આ સાહેદો ધ્વારા આરોપીને ત્યાં કરવામાં આવેલ ટ્રાન્ઝકશનો કાયદેસરના શેર ટ્રેડીંગના ટ્રાન્ઝકશનો હતા અને ટ્રેડીંગમાં જે નફો થતો તેમાંથી ટેક્ષ કાપીને તે રકમ તેઓને ચૂકવવામાં આવતી હતી તે મતલબની હકીકત જણાવેલ છે. આ સાહેદોના પુરાવામાંથી આરોપીઓ ધ્વારા એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસરના સોદાઓ/ડબ્બા ટેડીંગ કરવામાં આવતા હતા અને તેઓની પાસેથી આરોપીઓ ધ્વારા ટેક્ષની રકમ ઉઘરાવવામાં આવતી હતી અને તે રકમ સરકારમાં જમા કરાવવામાં આવતી ન હતી તે મતલબનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૨૫.૧) પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલા આંક–૫૧ વાળા પંચનામાના પંચ સાહેદ નં.૨ પીન્ટુભાઇ ગોહીલનો પુરાવો ધ્યાને લઇએ તો આ પંચ સાહેદ ધ્વારા પ્રોસીકયુશનના કેસને લેશમાત્ર સમર્થન મળેલ નથી. પોલીસ સાહેદના કથન મુજબ તેઓએ પંચોને બોલાવેલા અને પંચોની હાજરીમાં સ્થળ ઉપર પંચનામુ કરી ટ્રાન્ઝેકશનની સ્લીપો, કોમ્પ્યુટર, હાર્ડ ડીસ્ક, મોડેમ વગેરે કબજે લેવામાં આવેલા તે હકીકત આંક–૭૨ ના પંચનામામાં કરવામાં આવેલ છે તે સંદર્ભેની કોઇ હકીકતને પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. તદઉપરાંત સ્થળ ઉપર પોલીસ સાહેદના પુરાવા મુજબ પંચનામુ કરવામાં આવેલું હતું તે હકીકત પણ શંકાસ્પદ બને છે. કારણ કે પોલીસ સાહેદના પુરાવામાંથી પણ એ મતલબની હકીકત નીકળી આવે છે કે, સ્થળ ઉપર જે મુદ્દામાલ કબજે લીધેલો તેને સ્થળ ઉપર સીલ કરવામાં આવેલ નથી. આમ, પંચનામાની કાર્યવાહી સંદર્ભે જે પુરાવો પોલીસ સાહેદમાંથી જણાઇ આવે છે તે પણ શંકાસ્પદ બને છે.

(૨૫.૨) પ્રોસીકયુશન તરફે રજૂ થયેલ પોલીસ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેઓ માત્ર એટલી હકીકત જણાવે છે કે તેઓને ખાનગી

બાતમી મળેલ કે આરોપીઓ ધ્વારા ગેરકાયદેસરના સોદા કરી, ટેક્ષ ચોરી કરે છે અને ગ્રાહકો પાસેથી ટેક્ષની રકમ ઉઘરાવીને સરકારમાં જમા નહીં કરાવી છેતરીપંડી અને વિશ્વાસઘાતનો ગુનો કરેલ છે. જે આધારે તેઓએ સ્થળ ઉપર રેડ કરેલી. ઉપર નોંધ્યું તે પ્રમાણે પંચ નં.૨ ધ્વારા પંચનામાની કાર્યવાહીને કોઇ સમર્થન મળેલ નથી. પોલીસ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ સ્થળ ઉપર જે ટ્રાન્ઝેકશનની વિગતો સંદર્ભેની સ્લીપો કબજે કરેલી અને કોમ્પ્યુટર માંથી પ્રીન્ટ આઉટ મેળવેલ છે તે હકીકત માની લઇએ તો પણ આ વ્યવહારો કઇ રીતે ગેરકાયદેસરના છે તેને સમર્થનમાં કઇ રીતે ગેરકાયદેસરના છે તે હકીકત પ્રોસીકયુશન રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપીઓ સામેનો ચાર્જ છે કે તેઓએ ગેરકાયદેસરના સોદા કરીને નિયમ અનુસાર ટેક્ષ/ચાર્જ ભરવાના થાય તે નહીં ભરીને સરકાર સાથે છેતરપીંડી કરેલ છે તેમજ સેબીના નિયમોનો ભંગ કરેલ છે. આ સંદર્ભે કેટલી રકમની ટેક્ષ ચોરી કરવામાં આવેલ તે સંદર્ભે પ્રોસીકયુશનના સાહેદો કોઇ હકીકત જણાવતા નથી. મહદઅંશે પ્રોસીકયુશનના સાહેદોના પુરાવામાંથી જે વ્યવહારો તેમણે જોયેલા તેમાંથી કેટલા અનઅધિકૃત છે અને કેટલી રકમની ટેક્ષ ચોરી કરવામાં આવેલી છે તે સંદર્ભે કોઇ હકીકત રેકર્ડ ઉપર આ સાહેદોના પુરાવામાંથી નીકળી આવતી નથી. પોલીસના તમામ સાહેદો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદમાં સીકયોરીટી કોન્ટ્રાકટ એકટનો ગુનો નોંધવામાં આવેલો છે પરંતુ સેબી તરફથી તેઓને આ ગુનાની તપાસ સંદર્ભે કોઇ હુકમ મળેલ નથી કે આ ગુનો નોંધ્યા બાદ તેઓએ પણ સેબીને ગુના સંદર્ભે કોઇ જાણ કરેલી નથી. પોલીસ સાહેદ કે જેમાં મહત્વની દૃષ્ટિએ તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ સીકયોરીટી કોન્ટ્રાકટ રેગ્યુલેશન એકટ અન્વયે ગુનો નોંધ્યા બાદ તે અંગેની જાણ અધિકૃત ઓથોરીટીને કરેલ નથી કે અધિકૃત ઓથોરીટી ધ્વારા આવી કોઇ ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૨૫.૩) સદર કામે આરોપીઓ વિરુધ્ધ સીકયોરીટી કોન્ટ્રાકટ રેગ્યુલેશન એકટની કલમ–૨૩(૧)(એફ) અને ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ, બી, સી, ડી સંદર્ભેનો ચાર્જ નોંધવામાં આવેલ છે પરંતુ પ્રોસીકયુશન તરફે રજૂ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઇ અત્રેની કોર્ટ ધ્વારા જે ઉપરોકત તારણો નોંધવામાં આવેલ છે તે મુજબ આરોપીઓ ધ્વારા એકબીજાના મેળાપીપણામાં પોતાની ઓફીસમાં કોમ્પ્યુટરને ઇન્ટરનેટ સાથે જોડી તેના ધ્વારા અનઅધિકૃત શેરોની લે–વેચ/ડબ્બા ટ્રેડીંગ કરવામાં આવતું હોય અને શેર લે–વેચના બ્રોકર તરીકે ગ્રાહકો પાસેથી ટેક્ષની રકમ ઉઘરાવી, તે રકમ સરકારમાં જમા કરાવેલ ન હોય, તે મતલબનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે જ રીતે આરોપીની ઓફીસમાંથી ટ્રાન્ઝેકશનની વિગતો સંદર્ભેની સ્લીપો અને કોમ્પ્યુટરની પ્રીન્ટ આઉટ કબજે મેળવેલ છે પરંતુ તેમાં દર્શાવેલા વ્યવહારો કઇ રીતે ગેરકાયદેસરના છે તે હકીકત પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલ સીકયોરીટી કોન્ટ્રાકટ રેગ્યુલેશન એકટની કલમ–૨૩(૧)(એફ) અને ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬ – એ, બી, સી, ડી મુજબના ગુનાઓ પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ રહેલ નથી તેવું આ અદાલતનું માનવું છે.

(૨૫.૪) ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કર્યા બાદ આ અદાલત એવા તારણ ઉપર આવે છે કે, પ્રોસીકયુશન તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે તેમાંથી એ હકીકત સાબીત થતી નથી કે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં અનઅધિકૃત શેર/ડબ્બા ટ્રેડીંગ કરેલ છે અને (૧) સીકયોરીટી ટ્રાન્ઝેકશન ચાર્જ (૨) સર્વીસ ટેક્ષ (૩) સ્ટેમ્પ ચાર્જ (૪) ટર્ન ઓવર ચાર્જ વગેરે ટેક્ષની રકમ ગ્રાહકો પાસેથી આરોપીઓએ મેળવી લઇ, સરકારમાં જમા નહીં કરાવી અંગત નાણાંકીય લાભ મેળવેલ છે અને સરકારી

નાણાંની ઉચાપત કરેલ છે. પ્રોસીકયુશન ધ્વારા આરોપીઓ સામે મૂકવામાં આવેલ ચાર્જને પુરવાર કરતો કોઈ સચોટ અને માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી જેથી આ અદાલત એવા તારણ ઉપર આવે છે કે, આરોપી ઓ સામે મૂકવામાં આવેલ ચાર્જ પુરવાર થતો નથી અને તેથી મુદ્દા નં. ૧ થી મુદ્દા નં.૩ નો નિર્ણય ''નકાર'' માં ઠરાવી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ</u>**

District & Sessions Court Ahmedabad (Rural)

૧. આરોપી નં.૧ ગુણવંતભાઈ કેશવલાલ પટેલ,રહે.૫, તનીષ્ક બંગલોઝ વિભાગ–૨, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ, આરોપી નં.૨ કમલેશભાઈ વાસુભાઈ પટેલ, રહે.૧૪,ન્યુ શિવમનંદ બંગલોઝ, અમુલ ગાર્ડનની બાજુમાં, જનતાનગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, આરોપી નં.૩ સહદેવસીંહ જશુજી વાઘેલા, રહે. ઓગણજ ગામ, દરબારગઢ, તા.દસક્રોઈ, જી.અમદાવાદનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી સીકયુરીટી કોન્ટ્રેકટ(રેગ્યુલેશન) એકટ–૧૯૫૬ ની કલમ–૨૩(૧)(એફ) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૫ ની કલમ – ૬૫, ૬૬, ૬૬–એ,બી, સી, ડી ના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ કામના દરેક આરોપીએ રુ.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

૩. આ કામમાં કબજે થયેલ મુદ્દામાલ અંગે વચગાળાનો કોઇ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ નિયમ મુજબની કાર્યવાહી કરી પરત મેળવી શકશે અને તે સીવાયના બાકીના અનકલેઇમ મુદ્દામાલ માટે અપીલ સમય બાદ ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇ પ્રમાણે નિયમ મુજબની કાર્યવાહી કરવી.

હુકમ આજ તારીખ – ૦૯, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

District & Sessions Court Ahmedabad (Rural)

તા.૦૯ –૦૪–૨૦૨૬
અમદાવાદ.

( કે. એમ. સોજીત્રા )
વિશેષ ન્યાયાધીશ (SEBI ACT) અને
મુખ્ય જીલ્લા ન્યાયાધીશ
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
[Code : GJ01494]

પી.આર.આચાર્ય
પી.એસ.